# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 15-08-2024 Midday : 1.20 to 1.30
Day : Thursday National News

## આકાશવાણી સમાચાર **ચૈતાલી જોષી** વાંચે છે.

***************************************************

- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લાલ કિલ્લા પરથી ત્રિરંગો લહેરાવી દેશવાસીઓને રાષ્ટ્રહિત સર્વોપરીનો સંકલ્પ આપ્યો – ભારતના ઉજ્જવલ ભવિષ્ય માટેનો રોડમેપ રજૂ કર્યો
- ✓ પ્રધાનમંત્રીએ તમામ રાજકીય દળોને વન નેશન વન ઇલેક્શન માટે કર્યો અનુરોધ.
- ✓ પ્રધાનમંત્રીએ દેશમાં તબીબી શિક્ષણની પહોંચ વધારવા નવી 75 હજાર તબીબી બેઠક ઉંમેરવાની જાહેરાત કરી.
- ✓ કેન્દ્રીય આરોગ્યમંત્રી જે. પી. નડ્ડાએ કહ્યું, ભારતને વિકસિત દેશ બનાવવામાં કોઈ કસર નહીં છોડીએ.
- ✓ રશિયાના બ્રાયન્સ્ક, બેલગોરોદ અને કુર્સ્ક વિસ્તારમાં રહેતા ભારતીયોને સલામત સ્થળે જવા ભારતીય દૂતાવાસની સલાહ.
- ✓ દેશના દક્ષિણ ભાગોમાં આગામી ચાર દિવસ ભારે વરસાદની હવામાન વિભાગની આગાહી.

***************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# REV PM MODI ADDRESS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મા સ્વાતંત્ર્ય પર્વની દેશવાસીઓને શુભેચ્છા 78 લાલ કિલ્લા પરથી દેશને સંબોધતા શ્રી મોદીએ કહ્યું .પાઠવી છે, આજે એ શુભ ક્ષણ છે, જ્યારે આપણે દેશની આઝાદી માટે પ્રાણની આહૂતિ આપનારા અને આજીવન સંઘર્ષ કરનારા લોકોને યાદ કરીએ .પ્રધાનમંત્રીએ ઉંમેર્યું, અમે કોઈ પણ રાજકીય મજબૂરીના કારણે નહીં, પરંતુ નેશન ફર્સ્ટની ભાવનાની સાથે પરિવર્તન કર્યા છે, જેમાં સૌથી મોટું ઉદાહરણ બેન્કિંગ ક્ષેત્રમાં થયેલું પરિવર્તન છે.

પ્રધાનમંત્રીએ કહ્યું, આ વર્ષ પ્રાકૃતિક આપત્તિના કારણે જીવ ગુમાવનારા પોતાના પરિવારજનોને ગુમાવનારા પરિવારજનો પ્રત્યે આપણે સંવેદના વ્યક્ત કરીએ છીએપ્રધાનમંત્રીએ ઉંમેર્યું ., દેશની રક્ષા અને નિર્માણ કરનારા ખેડૂતો, જવાનો, યુવાનો, માતાબહેનો-, વંચિત વર્ગના લોકોની દેશ પ્રત્યેની નિષ્ઠા વિશ્વ માટે પ્રેરણા છે .

પ્રધાનમંત્રી કહ્યું, સર્વોચ્ચ અદાલતે વારંવાર સમાન નાગરિક સંહિતા – UCCની ચર્ચા કરી છે. તેમણે કહ્યું, દેશમાં સાંપ્રદાયિક નાગરિક સંહિતા છે અને તેને ધર્મનિરપેક્ષ બનાવવી જોઈએ.

(ઓડિયો – પ્રધાનમંત્રી – સિવિલ કોડ)

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, શિક્ષણ ક્ષેત્રમાં આપણે જૂની નાલંદા ભાવનાને જાગૃત કરવી પડશે અને જ્ઞાનની પરંપરાને આગળ ધપાવવી પડશેશ્રી . મોદીએ કહ્યું, આરોગ્ય શિક્ષણ માટે આપણા દેશના યુવાનો વિદેશમાં જઈ રહ્યા છે .

તેમની સુવિધા માટે અમે એક .તેમના શિક્ષણ પાછળ લાખો રૂપિયા ખર્ચ થઈ જાય છે .લાખ મેડિકલ સીટ વધારી છે

પ્રધાનમંત્રી - ઑડિયો)– મેડિકલ સીટ (

પ્રધાનમંત્રીએ ઉમેર્યું, સરકારે સેમિ-કંડક્ટર મિશન પર કામ કર્યું છે. તેમણે કહ્યું, પ્રતિભા ભારતમાં છે તો ઉત્પાદન પણ ભારતમાં થશે. તેમણે કહ્યું, સરકાર સીક્સ-જી પર યુદ્ધના ધોરણે કામ કરી રહી છે. ફાઈવ-જીની જેમ સિક્સ-જીમાં પણ સમગ્ર વિશ્વમાં સરકાર અગ્રેસર રહેશે.

પ્રધાનમંત્રીએ સંબોધન દરમિયાન તમામ રાજકીય દળોને વન નેશન વન ઇલેક્શન અંગે આગ્રહ કરતા આ મુજબ જણાવ્યું....

ઑડિયો)– પ્રધાનમંત્રી (વન નેશન વન ઇલેક્શન -

પ્રધાનમંત્રીએ દેશવાસીઓને વિકસિત ભારત એટ માટે આપેલા 2047 પ્રધાનમ .અનેક સૂચનનો પણ ઉલ્લેખ કર્યોંત્રીએ કહ્યું, કેટલાક લોકોએ અવકાશમથક બનાવવાનું સૂચન આપ્યુંકેટલાક લોકોએ પરંપરાગત ઔષધિ અને આરોગ્ય કલ્યાણ . .ક્ષેત્રમાં વિકસિત દેશ બનવાનું પણ સૂચન કર્યું

બાંગ્લાદેશ અંગે પ્રધાનમંત્રીએ કહ્યું કે, પાડોશી દેશ તરીકે ભારત બાંગ્લાદેશની સ્થિતિને લઈને ચિંતિત છેતેમણે વહેલી તકે સ્થિતિ સામાન્ય થવાની . .પણ આશા વ્યક્ત કરી

પ્રધાનમંત્રીએ કહ્યું, મહિલાઓ પર અત્યાચારના કારણે દેશમાં રોષ છે. મહિલાઓની સાથેના ગુનાઓની ઝડપથી તપાસ અને આરોપીઓને ઝડપથી સજા થવી જોઈએ.

પ્રધાનમંત્રીએ કહ્યું, લોકોનું જીવન સરળ બનાવવા માટે બિનજરૂરી કાયદાને રદ કરવામાં આવ્યા છે. લોકોને ન્યાય અપાવવા માટે નવા કાયદા લાવી છે.

# ASSAM INDEPENDENCE DAY

આસામમાં ઉત્સાહ સાથે આજે સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે ધ્વજવંદન બાદ સ્વાતંત્ર્ય દિવસ કાર્યક્રમને સંબોધતા .મુખ્યમંત્રી હિમંત બિશ્વ સરમાએ કહ્યું, આસામ ખૂબ જ ઝડપથી વિકાસ પામતા પાંચ રાજ્યમાંથી એક છે અને સમગ્ર દેશમાં સતત વિકાસનો લક્ષ્યાંક હાંસલ કરવાની દિશામાં અગ્રણી રાજ્ય છે . તેમણે કહ્યું, વર્ષ .સુધી આસામ સંપૂર્ણ રીતે વિકસિત રાજ્ય બની જશે 2047

આ પ્રસંગે મુખ્યમંત્રીએ લોકોને વધતા જતા વૈશ્વિક તાપમાનને પહોંચી વળવા માટે ઓછામાં ઓછા દસ વૃક્ષ વાવવાની પણ અપીલ કરી હતી .

# ODISHA-I-DAY

ઓડિશામાં મુખ્યમંત્રી મોહન ચરણ માઝીએ સ્વાતંત્ર્ય દિવસ નિમિત્તે ભુવનેશ્વર ખાતે મહાત્મા ગાંધી માર્ગ પર આયોજિત રાજ્યસ્તરની ઉજ-વણીમાં રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો હતો. શ્રી માઝીએ ભારતની નોંધપાત્ર પ્રગતિ અને દેશના વિકાસમાં ઓડિશાની ઉભરતી ભૂમિકા પર ભાર મૂક્યો હતો આ પ્રસંગે રંગારંગ પરેડનું આયોજન કરવામાં આવ્યું હતું.

# *MID BREAK- NEWS- NATIONAL*

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી** Youtube **ચેનલ** A.I.R. **ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.**

**વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ** A.I.R. **ન્યૂઝ અન્ડરસ્કોર** ABAD **ને ફોલૉ કરી શકો છો..**

# PRASAR BHARATI-I-DAY

પ્રસાર ભારતીના અધ્યક્ષ નવનીત કુમાર સહગલે આજે નવી દિલ્હીમાં દૂરદર્શન ભવનમાં 78મા સ્વતંત્રતા દિવસના અવસર પર રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો હતો અને આકાશવાણીના મહાનિર્દેશક મૌસુમી ચક્રવર્તીએ પણ નવી દિલ્હીમાં આકાશવાણી પરિસરમાં રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો હતો.

# WB-PROTEST

પશ્ચિમ બંગાળમાં મેડિકલ કોલેજના એક ડૉક્ટર સાથે થયેલ દુષ્કર્મ અને હત્યાના વિરોધમાં સમાજના વિવિધ વર્ગના લોકો એ જાહેર પ્રદર્શન કર્યું હતું .. ગઈકાલે મધ્યરાત્રિએ મેડિકલ કોલેજની બહાર વિરોધ કરતાં લોકો ઉપર અસામાજિક તત્ત્વોએ હુમલો કર્યો હતો અને મેડિકલ કોલેજના ઘણા સાધનોને નુકશાન પહોંચાડ્યું હતું. સ્થિતિને કાબૂમાં લેતી વખતે કોલકાતા પોલીસના ડેપ્યુટી કમિશનર સહિત ઘણા પોલીસ કર્મચારીઓ ઈજાગ્રસ્ત થતાં પોલીસે અનેક ધરપકડ કરી હતી.

# JP NADDA ON VIKSIT BHARAT

આપણે એક સંકલ્પ લઈએ કે, આપણે ભારતને વિકસિત દેશ બનાવવામાં કોઈ કસર નહીં છોડીએ. કેન્દ્રીય આરોગ્ય મંત્રી અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે. પી. નડ્ડાએ દિલ્હીમાં ભાજપ મુખ્યમથકમાં ધ્વજવંદન કર્યા બાદ આ મુજબ જણાવ્યું હતું.

શ્રી નડ્ડાએ સંબોધનમાં કહ્યું, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લાલ કિલ્લાથી દેશને કરેલા સંબોધનમાં આગામી સમયમાં વિજ્ઞાન, જ્ઞાન, આરોગ્ય સહિતના ક્ષેત્રમાં આપણા લક્ષ્ય નિશ્ચિત કર્યા છે. તેમણે કહ્યું, આપણે વિકસિત ભારતના સંકલ્પને પૂર્ણ કરવામાં કોઈ કસર નહીં છોડીએ. શ્રી નડ્ડાએ કહ્યું, સ્વાતંત્ર્ય માટેની લડાઈમાં અમર થયેલા સ્વાતંત્ર્ય વીરોને હું નમન કરું છું. આજે આપણે દેશનો 78મો સ્વાતંત્ર્ય દિવસ ઉજવી રહ્યા છીએ, તે સૌભાગ્યની ક્ષણ છે.

# WORLD LEADERS CONGRATULATES INDIA

વિશ્વના નેતાઓએ ભારતને 78મા સ્વાતંત્ર્ય દિવસની શુભેચ્છા પાઠવી છે. અમેરિકાના સેક્રેટરી ઑફ સ્ટેટ એન્ટની બ્લિન્કને બંને રાષ્ટ્ર વચ્ચેના સંબંધને વધાવતા ભારતને હાર્દિક શુભેચ્છા પાઠવી હતી. શ્રી બ્લિન્કને કહ્યું, અમેરિકા ભારતીય લોકોના સમૃદ્ધ અને વૈવિધ્યસભર ઇતિહાસની ઉજવણી કરે છે.

શ્રી બ્લિન્કને ઉમેર્યું, ભારત-અમેરિકા સહયોગ ઝડપથી આગળ વધી રહ્યો છે. ઇઝરાયેલે પણ આ પ્રસંગે ભારતને શુભકામનાઓ પાઠવી હતી. ભારતમાં ઇઝરાયેલના રાજદૂત નાઓર ગિલોન પણ હર ઘર તિરંગા અભિયાનમાં જોડાયા હતા.

# IMD-WEATHER

હવામાન વિભાગે આગામી ચાર દિવસ સુધી દેશના દક્ષિણ ભાગોમાં ભારે વરસાદની આગાહી કરી છે. આ મહિનાની 18 તારીખ સુધી કેરળ, લક્ષદ્વીપ, તમિલનાડુ, દક્ષિણ આંતરિક કર્ણાટક અને રાયલસીમામાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

વિભાગે આગામી છ દિવસ દરમિયાન પશ્ચિમ હિમાલય પ્રદેશ, ઉત્તર પ્રદેશ, હિમાચલ પ્રદેશ અને પૂર્વ ભારતમાં ભારે વરસાદની આગાહી પણ કરી છે. આગામી ત્રણથી ચાર દિવસ દરમિયાન હરિયાણા, રાજસ્થાન અને ઉત્તર-પૂર્વ ભારતમાં મુશળધાર વરસાદની શક્યતા છે. આ સપ્તાહ દરમિયાન મધ્યપ્રદેશ, છત્તીસગઢ, ગોવા, ગુજરાત, મધ્ય મહારાષ્ટ્ર, જમ્મુ અને કાશ્મીર, હરિયાણા અને દિલ્હીમાં પણ હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે.હવામાન વિભાગે ઓડિશામાં આગામી બે દિવસ અને અરુણાચલ પ્રદેશ, આસામ અને મેઘાલયમાં આ મહિનાની 19મી તારીખ સુધી ભારે વરસાદની આગાહી કરી છે.

# RUSSIA EMBASSY ADVICE

રશિયાના બ્રાયન્સ્ક, બેલગોરોદ અને કુર્સ્ક વિસ્તારમાં રહેતા ભારતીય વિદ્યાર્થીઓ સહિત પોતાના નાગરિકોને સલામત સ્થળ પર અસ્થાયી રીતે જવા માટે બુધવારે ભારતીય દૂતાવાસે સલાહ આપી છે. દૂતાવાસે રશિયા અને યુક્રેન યુદ્ધ વચ્ચે તણાવ વધ્યા બાદ આ વિસ્તારમાં સલામતી અંગેની ચિંતાને ટાંકીને આ વાત કહી છે.

ભારતીય દૂતાવાસે આ સલાહ રશિયાના બેલગોરોદ સરહદી વિસ્તારમાં કટોકટી જાહેર થયાના થોડા જ કલાક બાદ જાહેર કરી છેભારતીય દૂતાવાસે કહ્યું ., બ્રાયંસ્ક, બેલગોરોદ અને કુર્સ્ક વિસ્તારમાં હાલની સલામતી ઘટનાઓને ધ્યાનમાં રાખી ભારતીય નાગરિકોને જરૂરી સાવચેતી રાખવા અને અસ્થાયી રીતે આ વિસ્તારમાંથી બહાર જતા રહેવા સલાહ આપવામાં આવે છે .

# PARALYMPICS-PARIS

પેરિસમાં આગામી ઓગસ્ટથી શરૂ થનારી પેરાલિમ્પિક્સસ્પર્ધામાં ભારત 28 પેરા સાઇકલિંગ, પેરા રોઇંગ અને બ્લાઇન્ડ જુડો સ્પર્ધામાં ભાગ લેશે જેમાં આંધ્રપ્રદેશના અરશદ શેખ પેરા સાયકલિંગમાં અને પેરા રોઇંગમાં કોંગન્નાપલ્લે નારાયણ ભારતનું પ્રતિનિધિત્વ કરશે અને. હરિયાણાની પેરાએથ્લીટ કોકિલા - .કૌશિકલાટે અંધ જુડોમાં ભાગ લેશે